# શ્રવણ

* પાત્રો : શ્રવણ
  - શાંતનુ : શ્રવણના પિતા
  - જ્ઞાનવતી : શ્રવણની માતા
  - દશરથ : અયોધ્યાના રાજા

* સ્થળ :-
  - અયોધ્યા પાસેનું જંગલ
  - સરયુ નદી

* સાધન સામગ્રી :
  - શ્રવણ તથા તેના માતા પિતાનો પહેરવેશ
  - કાવડ, બે ટોપલા, ટોપલામાં મુકવા માટેની બે ગાદીઓ
  - બેડું
  - વિવિધ તીર્થોના મોટા ચિત્રો (શ્રવણ માતા પિતાને તીર્થયાત્રા કરાવે છે તે દ્રશ્ય માટે)

(સ્ટેજ પર જ્ઞાનવતી અને શાંતનુ બેઠા છે.)

જ્ઞાનવતી : આપણે ભલે જોઇ શકતાં નથી, છતાંય આપણે ભાગ્યશાળી છીએ.

શાંતનુ : સાચી વાત છે, આપણને શ્રવણ જેવો સમજુ અને આજ્ઞાકારી દીકરો મળ્યો છે.

જ્ઞાનવતી : તે આપણી દરેક બાબતની કેટલી કાળજી રાખે છે !

(શ્રવણ સ્ટેજ પર આવે છે અને માતા પિતાની વાત સાંભળે છે.)

શાંતનુ : હા, શ્રવણ જેવો દીકરો તો ભાગ્યશાળીને જ મળે. હવે જીવનમાં એક જ ઇચ્છા બાકી છે.

જ્ઞાનવતી : શી ઇચ્છા ?

શાંતનુ : મરતાં પહેલાં તીર્થયાત્રા કરવાની ઇચ્છા છે.

જ્ઞાનવતી : આપણે તો અંધ છીએ,વળી ઘરડાં થયાં એટલે ચાલવાની તાકાત પણ નથી , તો તીર્થયાત્રા કેવી રીતે કરી શકીએ ? (આ સાંભળી શ્રવણ માતા પિતા પાસે આવી માતાપિતાના ચરણ સ્પર્શ કરી બોલે છે.)

શ્રવણ : મેં તમારી તીર્થયાત્રા કરવાની ઇચ્છા સાંભળી. તમે ચિંતા કરશો નહી, હું તમારી ઇચ્છા જરૂર પુર્ણ કરીશ.

(શ્રવણ ટોપલા બાંધેલ કાવડ સાથે સ્ટેજ પર આવે છે અને કાવડ નીચે મુકે છે.)

શ્રવણ : અરે! આ ટોપલામાં તો માતાપિતાને બેસવાની અગવડ પડશે.

(શ્રવણ ટોપલામાં ગાદીઓ મૂકે છે.)

શ્રવણ : (માતાપિતાને) મે તીર્થયાત્રાની તૈયારી કરી લીધી છે. હું તમને કાવડમાં બેસાડીને તીર્થયાત્રા કરાવીશ.

(શ્રવણ માતાપિતાને વારાફરતી કાવડમાં બેસાડે છે. કાવડ ઊંચકે છે અને તીર્થયાત્રા શરુ કરે છે. તે સ્ટેજની બહાર જાય છે.)

(પડદા પાછળથી ગીત (માછલી વીયાણી....) અથવા સંવાદ વડે શ્રવણ કયાં કયાં જાય છે તે ભજવી શકાય. તે સમયે જો સ્ટેજ પર શ્રવણને બતાવવો હોય તો વિવિધ તીર્થસ્થળોનાં ચિત્રા ગોઠવી તે કયાં કયાં જાય છે તે બતાવી શકાય.)

(સ્ટેજ પર અયોધ્યાની પાસેના જંગલનું દૃશ્ય. શ્રવણ માતાપિતા સાથે સ્ટેજ પર આવે છે.)

શ્રવણ : પિતાજી, આ અયોધ્યા પાસેનું જંગલ છે. સાંજ થઇ ગઇ છે. આપણે અહીં જ રોકાવું પડશે.

શાંતનુ : ભલે બેટા! પણ મને તરસ લાગી છે.

શ્રવણ : પિતાજી હું હમણાં જ પાણી લઇ આવું છું

(શ્રવણ બેડું લઇને પાણી ભરવા જાય છે.)

(દશરથ રાજા શિકાર કરવા નીકળ્યા છે.)

દશરથ : નદીના કાંઠે કોઇને કોઇ જાનવર પાણી પીવા જરુર આવશે ત્યારે હું તેનો શિકાર આ શબ્દવેધી બાણ દ્વારા કરીશ.

શ્રવણ : આ રહી સરયુ નદી (પાણી ભરવાનો અભિનય કરે છે.)

(સ્ટેજ પાછળથી પાણી ભરવાનો અવાજ બુડ...બુડ... આવે છે.)

દશરથ : આ શેનો અવાજ છે? કોઇ તરસ્યો હાથી સુંઢથી પાણી પીતો લાગે છે.

(રાજા દશરથ અવાજની દિશામાં બાણ છોડે છે. બાણ શ્રવણને વાગે છે.)

શ્રવણ : (બાણ વાગવાથી ચીસ પાડે છે.)

પિતાજી...!

દશરથ : મને માફ કરો ભાઇ, કોઇ જાનવર પાણી પીએ છે, એમ સમજીને મેં બાણ છોડયું હતુ.

શ્રવણ : કંઇ વાંધો નહી, પણ એક કામ કરશો મારા માતાપિતા તરસ્યા છે. આ પાણીનો ઘડો તેમના સુધી પહોચાડશો.

(શ્રવણ મૃત્યુ પામે છે.)